વર્ષ ૨૦૨૫માં પરફેક્ટ ઇન્ફ્રાકોન કંપનીને સોંપાયું હતું ઓવરબ્રિજનું કામ

બોડેલીવાસીઓને ટ્રાફિક જામમાંથી મળશે રાહત, ૫૦ કરોડના ઓવરબ્રિજનું કામ શરૂ

વન વિભાગની NOC બાદ વીજ થાંભલા ખસેડવાની અને દબાણો દૂર કરવાની કામગીરી શરૂ

(પ્રતિનિધિ) બોડેલી, તા.18

બોડેલીમાં 50 કરોડના રેલવે ઓવરબ્રિજનું કામ આખરે શરૂ બોડેલીવાસીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. બોડેલીમાં રૂ. 50 કરોડના ખર્ચે મંજૂર થયેલા રેલવે ઓવરબ્રિજનું કામ આખરે શરૂ કરવામાં આવ્યું છે. લાંબા સમયથી ડાઈવર્ઝન માટેની જગ્યા ઉપલબ્ધ ન હોવાના કારણે અટવાયેલું કામ હવે ગતિ પકડ્યું છે.

રેલવે ફાટક બંધ થતાં વારંવાર સર્જાતા ટ્રાફિક જામના કારણે વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ઓવરબ્રિજનું કામ પૂર્ણ થયા બાદ વર્ષોથી ચાલી રહેલી ટ્રાફિક સમસ્યામાંથી લોકોને મોટી રાહત મળવાની આશા છે.

વર્ષ 2025માં ઓવરબ્રિજનું કામ અમદાવાદની પરફેક્ટ ઈન્ફ્રાકોન કંપનીને સોંપવામાં આવ્યું હતું. જોકે, એપ્રોચ રોડ માટે જરૂરી જમીન વન વિભાગ હેઠળ આવતી હોવાથી NOC મેળવવામાં વિલંબ થયો હતો. આ ઉપરાંત ડાઈવર્જન માટેની જગ્યા સહિતની સમસ્યાઓને કારણે કામ લાંબા સમયથી અટકેલું રહ્યું હતું. હવે વીજ થાંભલા ખસેડવા તેમજ માર્ગ પરના દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું કામ શરૂ થતાં બોડેલી રહેવાસીઓમાં વર્ષોથી ચાલતી ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળવાની આશા જાગી છે.

બોડેલીમાં રેલવે ફાટક આસપાસ સતત વધતા વાહનવ્યવહારને ધ્યાનમાં રાખીને આ ઓવરબ્રિજને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઓવરબ્રિજના નિર્માણથી રેલવે ફાટક પર વાહનોને રોકાવાની જરૂરિયાત ઘટશે અને મુસાફરીનો સમય પણ બચશે. સાથે જ મુખ્ય માર્ગ પર ટ્રાફિકનું દબાણ ઓછું થવાની અપેક્ષા છે.

૧૫મા નાણાપંચ અને સ્વચ્છ ભારત મિશન હેઠળ રૂ.૧૬ લાખથી વધુનો ખર્ચ

મોટા ફોફળિયામાં રૂ. ૧૬ લાખનો UDMSR પ્લાન્ટ ત્રણ મહિનામાં જ બંધ

(પ્રતિનિધિ) શિનોર, તા.18

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામમાં ચોથની ભાગોળ વિસ્તારમાં પ્રવાહી કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન માટે બનાવવામાં આવેલ ગંદા પાણીનો શુદ્ધિકરણ પ્લાન્ટ (UDMSR પ્લાન્ટ)ના બેઝ સ્ટ્રક્ચરમાં થોડા જ મહિનામાં તિરાડો પડવા તથા માળખાનો ભાગ બેસી જવાની સ્થિતિ સર્જાતા લાખો રૂપિયાના જાહેર નાણાંથી તૈયાર કરાયેલ પ્રોજેક્ટ ટૂંકા ગાળામાં બંધ સ્થિતિમાં પહોંચતા કામગીરીની ગુણવત્તા અને સરકારી નાણાંના યોગ્ય ઉપયોગ અંગે અને આ કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાનું ગ્રામજનોમાં આક્ષેપ સાથે શંકાઓ ઉભી થયેલી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામે ગંદા પાણીનો શુદ્ધિકરણ પ્લાન્ટ (UDMSR પ્લાન્ટ) માટે જરૂરી બેઝ, ટાંકી, ફેન્સિંગ સહિતની સિવિલ કામગીરી વર્ષ 2024-25 દરમિયાન 15મા નાણાપંચની ગ્રામ્ય કક્ષાની ગ્રાન્ટમાંથી રૂ. 3,68,000ના ખર્ચે કરવામાં આવી હતી. જ્યારે સ્વચ્છ ભારત મિશન હેઠળ આશરે રૂ. 12,40,000ના ખર્ચની કામગીરી કરવામાં આવેલ .આમ, સમગ્ર યોજના પાછળ રૂ. 16 લાખથી વધુની રકમનો ખર્ચ થયેલ હોવાનું સામે આવે છે.આ કામગીરી માટે અમદાવાદની એરોસા કંપની એજન્સી તરીકે કાર્યરત હોવાનું તથા ટેન્ડર પ્રક્રિયા જિલ્લા પંચાયત, વડોદરા મારફતે કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. તા. 31-03-2026 બાદ પ્લાન્ટની જાળવણી અને નિભાવણી સહિતની જવાબદારી ગ્રામ પંચાયતની હોવાનુ જાણવા મળે છે. મળતી વિગતો પ્રમાણે આ યોજના ફેબ્રુઆરી-2026 દરમિયાન કાર્યાન્વિત કરવામાં આવી હતી.

વડોદરા LCBની અદભુત કામગીરી, ૪૫ વર્ષથી ફરાર લૂંટારો ઉત્તરપ્રદેશથી ઝડપાયો

(પ્રતિનિધિ) કરજણ, તા. 18

વડોદરા, ગુજરાત - સમયની ધૂળ ક્યારેક ગુનાના નિશાનને ઝાંખા પાડી દે છે, પરંતુ કાયદાનો હાથ કેટલો લાંબો હોય છે તેનું ઉત્તમ ઉદાહરણ વડોદરા એલ.સી.બી. (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) એ પૂરું પાડ્યું છે. ૪૫ વર્ષના લાંબા ગાળાથી લૂંટના ગુનામાં નાસતા ફરતા એક આરોપીને ઉત્તરપ્રદેશથી ઝડપી પાડીને એલ.સી.બી.એ પોતાની કાર્યદક્ષતા અને અદમ્ય જુસ્સાનો પરિચય કરાવ્યો છે. આ ઘટના માત્ર એક ગુનેગારની ધરપકડ નથી, પરંતુ ન્યાયની અવિરત શોધ અને પોલીસ તંત્રની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

ઘટના કંઈક એવી હતી કે, રાજકોટથી મુંબઈ જતી એક લક્ઝરી બસમાં આરોપીઓ પેસેન્જરના સ્વાંગમાં બેઠા હતા. તેમની યોજના સ્પષ્ટ હતી - બસના ડ્રાઈવરને નિશાન બનાવીને લૂંટ ચલાવવી. કરજણના લાકોદરા ગામ પાસે પહોંચતા જ, આ આરોપીઓએ રીવોલ્વર બતાવીને બસને રોકાવી દીધી. ત્યારબાદ, તેમણે બસમાં સવાર નિર્દોષ મુસાફરો, કંડક્ટર પાસેથી રોકડ રકમ, કિંમતી ઘડિયાળો, સોનાના દાગીના સહિત કુલ ૩૨,૯૭૫.૬૦/- રૂપિયાની માલમત્તાની લૂંટ ચલાવી હતી. આ ઘટનાએ તે સમયે મુસાફરોમાં ભયનો માહોલ સર્જ્યો હતો.

પાદરા નજીક એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં મહિલાનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.18

પાદરા તાલુકાના સાદડ ગામની સીમમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સુરતથી ભાવનગર લગ્ન પ્રસંગે જઈ રહેલા દંપતીની કાર આગળ જઈ રહેલી ટ્રક પાછળ ધડાકાભેર અથડાતા અકસ્માતમાં મહિલાનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું, જ્યારે કારચાલક પતિને ઈજા પહોંચી હતી. મળતી માહિતી મુજબ, સુરતના કામરેજ ખાતે રહેતા નરેશભાઈ ધીરુભાઈ કલસરિયા (ઉ.વ. 45) પોતાની હુન્ડાઈ એક્સ્ટર કાર લઈને પત્ની શોભાબેન (ઉ.વ. 40) સાથે સુરતથી ભાવનગર ખાતે પરિવારના ભાણીયાના લગ્ન પ્રસંગે જઈ રહ્યા હતા. પાદરા તાલુકાના સાદડ ગામની સીમમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ભારત પેટ્રોલ પંપની સામે પહોંચ્યા હતા.

સલામત ગણેશોત્સવ માટે આયોજકોને પોલીસની સૂચના

ગણેશોત્સવને લઈ પાદરા પોલીસની આયોજકો સાથે બેઠક

(પ્રતિનિધિ) પાદરા, તા.18

સ્પર્ધા નહીં સહકાર, શક્તિપ્રદર્શન નહીં ભક્તિપ્રદર્શન અને વિવાદ નહીં પરંતુ એકતાના સંદેશ સાથે પાદરા પોલીસે ગણેશોત્સવને શાંતિપૂર્ણ અને સલામત રીતે ઉજવવા સૌને અપીલ કરી.

આગામી ગણેશોત્સવને અનુલક્ષીને પાદરા પોલીસ સ્ટેશન ખાતે ગણપતિ આગમન યાત્રા તેમજ ગણેશોત્સવના આયોજન અંગે આયોજકો અને આગેવાનો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. પાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.વી. ગોહિલની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં ગણેશોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સમગ્ર ઉત્સવ શાંતિપૂર્ણ અને સલામત રીતે સંપન્ન થાય તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પાદરા નગર પાલિકા પ્રમુખ દીપેશ પંચાલ, માજી પ્રમુખ પરેશ ગાંધી, કારોબારી ચેરમેન સંતોષ પટેલ, નયન ભાવસાર, હિન્દુ એકતા સંગઠન ના અજયસિંહ પરમાર સહિત પાદરા નગર ના ગણેશ મંડળ ના આયોજક મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પીએસઆઈ આર.સી. ઘુમ્મડ, જે.ડી.ગઢવી એ બેઠકમાં ગણપતિ આગમન યાત્રાઓ સમયસર પૂર્ણ કરવા, ટ્રાફિક વ્યવસ્થા જાળવવા તેમજ પાદરા-જંબુસર મુખ્ય હાઈવે પર વાહનવ્યવહારને અડચણ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા આયોજકોને સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત જાહેર જનતા, વિદ્યાર્થીઓ તેમજ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે અંગે પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

ડભોઈના તાઈવાગા વિસ્તારમાં ભૂવામાં રેતી ભરેલું ડમ્પર ખાબક્યું

રેતી ખાલી કરી ક્રેનની મદદથી ડમ્પર બહાર કાઢવાની કવાયત

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 18

ડભોઈ ના તાઈવાગા વિસ્તાર ના જાહેરમાર્ગ પર થી રેતી ભરેલું ડમ્પર પસાર થઈ રહ્યું હતું.ત્યારે રસ્તા પર આકસ્મિક રીતે ડમ્પર ના વજન થી ભૂવો પડી ગયો હતો.જેના કારણે ડમ્પર ના પાછળ ના બંને ટાયર ગરક થઈ જતા ડમ્પર એક બાજુ આડુ થઈ ગયું હતું.જેથી રેતી ખાલી કરી ડમ્પર ને કાઢવા ક્રેન મંગાવવાની કવાયત હાથ ધરાઈ હતી.

ડભોઈ ના ખખડધજ રોડ રસ્તાઓ થી વાહન ચાલકો, રાહદારીઓ પરેશાન હાલ થઈ ગયા છે. દ્વિચક્રી વાહનો હોય કે હળવાથી ભારદારી વાહનો બધા જ પરેશાન છે. રાહદારીઓ ને પણ ક્યાં ચાલવું તેની સમજણ પડતી નથી.ત્યારે થોડા સમય પહેલા જ વડોદરી ભાગોળ ના ઢાળ પર જુવાર ભરેલું ટ્રેક્ટર ફસાઈ ગયું હતું. જ્યારે આજે તાઈવાગા વિસ્તાર માંથી પસાર થતું ડમ્પર જાહેર માર્ગ પર જ ભૂવો પડતા બેસી ગયું હતું. જેથી ટ્રાફિકજામ થવા સાથે પોલીસ અને પાલિકા તંત્ર પણ દોડતું થયું હતું. ડમ્પર ની અડફેટે મોપેડ ચાલક નો આબાદ બચાવ પણ થયો હતો.

ગ્રાહકોની શંકા દૂર કરવા પસંદગીના ઘરોમાં સમાંતર ચેક મીટર લગાવાયા

ટીંબરવામાં સ્માર્ટ મીટર સાથે ચેક મીટર લગાવવાની કામગીરી શરૂ

(પ્રતિનિધિ) શિનોર, તા.18

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના ટિમ્બરવા ગામ ખાતે આજરોજ રાજ્ય સરકાર દ્વારા વીજ વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા અને ચોકસાઈ લાવવા માટે સ્માર્ટ મીટર લગાવવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અંતર્ગત MGVCL - મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના શિનોર પેટા વિભાગ હેઠળ આવતા ટીંબરવા ગામ*માં સ્માર્ટ મીટર સાથે *ચેક મીટર લગાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ગ્રાહકોના મનમાં સ્માર્ટ મીટર અંગે પ્રવર્તતી વિવિધ શંકાઓ અને ગેરમાન્યતાઓ દૂર કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઘણા ગ્રાહકોને એવી શંકા છે કે સ્માર્ટ મીટરથી વીજ બિલ વધુ આવે છે. આ શંકાનું નિરાકરણ લાવવા માટે MGVCL દ્વારા ટીંબરવા ગામમાં પસંદગીના ઘરોમાં સ્માર્ટ મીટરની સાથે જૂના પ્રકારનું ચેક મીટર પણ સમાંતર રીતે લગાવવામાં આવી રહ્યું છે.

આ બાબતે માહિતી આપતા શિનોર પેટા વિભાગના અધિકારીએ જણાવ્યું કે, "ચેક મીટર લગાવવાનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકોનો વિશ્વાસ કેળવવાનો છે. 2 થી 3 મહિના સુધી બંને મીટરના રીડિંગની તુલના કરવામાં આવશે. જો બંનેના યુનિટમાં કોઈ તફાવત નહીં હોય તો ગ્રાહકોને સ્માર્ટ મીટરની ચોકસાઈ અંગે સંતોષ થશે."

તેમણે વધુમાં ઉમેર્યું કે, સ્માર્ટ મીટરના કારણે ગ્રાહકોને અનેક ફાયદા થવાના છે. મોબાઈલ એપ્લિકેશન દ્વારા દરરોજનું વીજ વપરાશ જોઈ શકાશે. બિલિંગમાં માનવીય ભૂલની શક્યતા દૂર થશે. ઉપરાંત સવારે 11 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી વીજ વપરાશ કરવા પર યુનિટ દીઠ 60 પૈસાનું રિબેટ પણ મળશે.

પાદરામાં શ્રી રંગ પરિવાર દ્વારા શ્રી ગુરુ લીલામૃત પારાયણનું ભવ્ય આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા. 18

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પાદરા ખાતે શ્રી રંગ પરિવાર દ્વારા ઉમિયાવાડીમાં શ્રી ગુરુ લીલામૃત પારાયણનું ભક્તિભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. તા.14 થી 20 ઓગસ્ટ દરમિયાન યોજાઈ રહેલા આ પારાયણમાં સવાર-સાંજના સત્રોમાં 117થી વધુ ભક્તો શ્રદ્ધાપૂર્વક લાભ લઈ રહ્યા છે.

શ્રી રંગ પરિવારના ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, પારાયણ દરમિયાન ભક્તિસભર ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત ભગવાન દત્તાત્રેય, શ્રીપાદ વલ્લભ, નૃસિંહ સરસ્વતી તથા વાસુદેવાનંદ સરસ્વતી સહિતના મહાપુરુષોના જન્મોત્સવની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. ભક્તો દ્વારા વિવિધ ધાર્મિક ઉત્સવોનું આયોજન કરી શ્રાવણ માસની પવિત્રતાને ઉજાગર કરવામાં આવી રહી છે.

પારાયણની તા. 20 ઓગસ્ટના રોજ ભક્તિભાવપૂર્વક પૂર્ણાહુતિ કરવામાં આવશે. જ્યારે તા. 21 ઓગસ્ટના રોજ સામૂહિક પાદુકા પૂજન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

શ્રાવણ માસ નિમિત્તે યોજાયેલા આ ધાર્મિક આયોજનમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાઈ રહ્યા છે અને સમગ્ર ઉમિયાવાડી પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું છે.

છોટાઉદેપુર નગરપાલિકામાં પ્રજાના પૈસાનો આડેધડ વેડફાટ

જર્જરિત શૌચાલયોને કલર માર્યા બાદ હવે ૨૮ લાખના રીનોવેશનની તૈયારી!

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.18

છોટાઉદેપુર નગરપાલિકાના સત્તાધીશો સામે પ્રજાના ટેક્સના પૈસાનો આડેધડ વેડફાટ કરવાનો અને ભ્રષ્ટાચાર કરવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક રહીશો દ્વારા કરવામાં આવ્યો છે. નગરપાલિકા વિસ્તારમાં આવેલા સામૂહિક શૌચાલયો જર્જરિત હોવા છતાં થોડા સમય પહેલાં માત્ર કલર મારીને લાખો રૂપિયાનો ખર્ચ ચોપડે દર્શાવી દેવાયો હતો, અને હવે તે જ શૌચાલયોના રીનોવેશન માટે 28 લાખ રૂપિયાનું ટેન્ડર બહાર પાડવાની તૈયારીઓ ચાલી રહી છે.

છોટાઉદેપુર નગરપાલિકા વિસ્તારના જુદા જુદા વિસ્તારોમાં કુલ 7 જેટલાં સામૂહિક શૌચાલયો આવેલાં છે. જેમાંથી 5 જેટલાં શૌચાલયો છેલ્લા બે વર્ષથી બંધ હાલતમાં છે અને તેને તાળાં મારેલાં છે. સ્થાનિક રહીશો શૌચાલયની સુવિધાથી વંચિત હોવા છતાં તંત્ર દ્વારા આ સુવિધાઓ શરૂ કરવા તરફ કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યું નથી.

સ્થાનિકોના જણાવ્યાનુસાર, નગરપાલિકાના સત્તાધીશોએ બે મહિના પહેલાં જર્જરિત શૌચાલયોને માત્ર બહારથી કલર મારીને ચોપડે લાખો રૂપિયાનો ખર્ચ પાડી દીધો હતો. શૌચાલયો સારી સ્થિતિમાં છે તેવું દર્શાવવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હતો, પરંતુ અંદરથી બિસ્માર હોવાના કારણે લોકો તેનો ઉપયોગ કરી શક્યા નહોતા.

હવે નગરપાલિકા તંત્ર દ્વારા આ શૌચાલયોના રીનોવેશન માટે 28 લાખ રૂપિયાનું ટેન્ડર બહાર પાડવાની કવાયત હાથ ધરાઈ છે. આ મામલે નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છેઃ નાગરિકોનું કહેવું છે કે નગરપાલિકા ભ્રષ્ટાચારની ગંગોત્રી બની ચૂકી છે. જેટલા ખર્ચમાં રીનોવેશનનું ટેન્ડર બહાર પડવાનું છે, તેટલા ખર્ચમાં તો નવાં જ શૌચાલયો તૈયાર થઈ શકે તેમ છે.

કવાંટના નીલકંઠેશ્વર મંદિરે શ્રાવણના પ્રથમ સોમવારે ભક્તિનો જનસાગર ઉમટ્યો

(પ્રતિનિધિ) કવાંટ, તા. 18

કવાંટ પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે કવાંટ નગરમાં આવેલા પૌરાણિક શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળી. સવારથી જ શિવાલય "હર હર મહાદેવ"ના નાદથી ગુંજી ઉઠ્યું.

ભક્તોએ ભોલેનાથને ફૂલ, બિલીપત્ર, દૂધ, જવ અને તલ અર્પણ કરીને મનની કામના કરી. આ વર્ષે મંદિરનો મુખ્ય આકર્ષણ હિંડોળા દર્શન રહ્યો. અવધૂત પરિવારની બહેનોએ અત્યંત સુંદર રીતે હિંડોળાને શણગાર્યો હતો. હિંડોળાનો મનોરથ રાજુભાઈ જગન્નાથ સોની પરિવાર તરફથી રાખવામાં આવ્યો હતો.

શ્રાવણ માસને ભગવાન શિવને અત્યંત પ્રિય માનવામાં આવે છે. એટલે જ પ્રથમ સોમવારથી જ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. દર્શન માટે દૂર દૂરથી પણ શ્રદ્ધાળુઓ આવી પહોંચ્યા હતા.

માસરમાં તેજસ્વી તારલાઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.18

શ્રી ગિરધર કેળવણી મંડળ, માસર સંચાલિત શ્રી ગિરધર વિદ્યાલય ખાતે રવિવારે એસ.એસ.સી.માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનાર્થે 'વિદ્યાર્થી સન્માન સમારોહ-2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન સ્વ. અંબાલાલ તળશીભાઈ પટેલ પરિવારના સૌજન્યથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય તથા સરસ્વતી વંદનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ, શિક્ષકગણ, ગામના આગેવાનો તથા આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર દ્વારા મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.શાળાના આચાર્ય હરીશકાંત જી. પંચોલીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું.

છોટાઉદેપુરમાં ૫૭ તલાટી કમ મંત્રીઓની સામૂહિક બદલી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 18

છોટાઉદેપુર જિલ્લા પંચાયત તંત્ર દ્વારા ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરીને વધુ ગતિશીલ,પારદર્શક અને લોકાભિમુખ બનાવવાના હેતુથી એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા વિકાસ અધિકારી (DDO) દ્વારા સત્તાવાર હુકમ બહાર પાડીને જિલ્લામાં ફરજ બજાવતા કુલ 57 તલાટી કમ મંત્રીઓની એકસાથે સામૂહિક બદલી અને નવી જગ્યાઓ પર તત્કાલ પ્રભાવથી નિમણૂંક કરવાના આદેશો કરવામાં આવ્યા છે.

લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા તલાટીઓને ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની કલમ-227 હેઠળ જિલ્લા વિકાસ અધિકારીને મળેલી વિશેષ સત્તાની રૂએ બદલી કરાઈ છે. જ્યારે તમામ તલાટી કમ મંત્રીઓને રીલીવરની રાહ જોયા વિના તાત્કાલિક અસરે પોતાની વર્તમાન ફરજ પરથી મુક્ત થઈને, બદલીવાળા નવા નિયત કરાયેલા ગામ કે પંચાયત ખાતે પહોંચીને પોતાનો નવો ચાર્જ સંભાળી લેવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

તાલુકા વાઈઝ થયેલી બદલીઓ ક્વાંટ તાલુકોઃ 13 તલાટીઓ બોડેલી તાલુકોઃ 11 તલાટીઓ નસવાડી તાલુકોઃ 10 તલાટીઓ છોટા ઉદેપુર તાલુકોઃ 8 તલાટીઓ કદવાલ તાલુકોઃ 7 તલાટીઓ જેતપુર પાવી તાલુકોઃ 5 તલાટીઓ સંખેડા તાલુકોઃ 3 તલાટીઓની સામૂહિક બદલી કરી દેતા આ નિર્ણયથી ગ્રામ્ય વહીવટમાં વધુ પારદર્શિતા અને કાર્યક્ષમતા આવશે.

શિનોર પંથકમાં ફરી વરસાદી માહોલ, ઠંડક પ્રસરી

(પ્રતિનિધિ) શિનોર, તા.18

શિનોર પંથકમાં કાલે સાંજેફરી એકવાર વરસાદી માહોલ જોવા મળ્યો હતો. કાળા ડીબાંગ વાદળોથી સમગ્ર આકાશ ઘેરાઈ ગયું હતું અને જોતજોતામાં વરસાદ વરસવાનું શરૂ થયું હતું. વરસાદના આગમનથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોને પણ ગરમીમાંથી રાહત મળી હતી. શિનોર પંથકમાં સવારથી જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયેલા જોવા મળ્યા હતા. થોડા સમય બાદ વાદળો ગોરંભાયા અને વરસાદ વરસવાનું શરૂ થયું હતું. વરસાદ પડતાં રસ્તાઓ સહિત સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદના કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું હતું, તો બીજી તરફ ખેતીલાયક વરસાદ વરસતા ખેડૂતોમાં પણ ખુશીની લાગણી જોવા મળી હતી.

નડામાં કુપોષણ સામે આરોગ્ય વિભાગની પહેલ

વાલીઓને પોષણયુક્ત આહાર, સ્વચ્છતા અને આરોગ્ય સંભાળ અંગે માર્ગદર્શન

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 18

ડભોઇ તાલુકાના નડા ગામને કુપોષણમુક્ત બનાવવાના સંકલ્પ સાથે આજરોજ નડા ગામની આંગણવાડી નં. ૧, ૨ અને ૩ ખાતે કુપોષિત બાળકોના આરોગ્ય અને પોષણ અંગે બાળકોને માહિતગાર કર્યા. આરોગ્ય સમિતિ ચેરમેન ભાવેશ પટેલ અને નડા ગામના આયુર્વેદ મેડિકલ ઓફિસર ડૉ. કૈલાશબેન તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ દ્વારા કુપોષિત બાળકોના વાલીઓ સાથે બેઠક યોજી બાળકોને વહેલી તકે લાલ ગ્રેડમાંથી બહાર લાવી સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવાના પ્રયાસો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન બાળકોની યોગ્ય સંભાળ, પોષણયુક્ત આહાર, સ્વચ્છતા, નિયમિત આરોગ્ય તપાસ સહિતના વિવિધ મુદ્દાઓ અંગે વાલીઓને જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. સાથે જ બાળકોને જરૂરી દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. નડા ગામની ત્રણેય આંગણવાડીઓમાં લાલ ગ્રેડમાં રહેલા કુલ ૬ બાળકોને શાળા શિક્ષકો, તબીબ તથા આગેવાનો દ્વારા દત્તક લેવામાં આવ્યા છે.